પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૨ | ૧ નવેમ્બર, ૨૦૨૧, સોમવાર; આસો વદ - ૧૧/૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વૈશ્વિક તાપમાન દોઢ ડિગ્રી ઘટાડવા સહમતિ

## રોમમાં જી૨૦ દેશોએ વ્યક્ત કરી સહમતિ : મોદીએ જી૨૦ શિખર સંમેલનથી અલગ વિશ્વના અન્ય નેતાઓ સાથે અહીં પ્રસિદ્ધ ટ્રેવી ફાઉન્ટેનનો પ્રવાસ કર્યો

રોમ, તા.૩૧

ઈટાલીના રોમમાં જી-૨૦ શિખર સંમેલનમાં બધા સભ્ય દેશોએ મોટો નિર્ણય લીધો છે. ગ્લોબલ વોર્મિંગની ચિંતાઓ વચ્ચે જી૨૦ દેશ વૈશ્વિક તાપમાનને ૧.૫ ડિગ્રી ઘટાડવા પર રાજી થઈ ગયા છે. સૂત્રો પ્રમાણે જી૨૦ નેતાઓએ એગ્રીમેન્ટ પર સહમતિ વ્યક્ત કરી છે. પ્રિન્સ ચાર્લ્સે વિશ્વના નેતાઓને બાળકોની હતાશા ભરેલી અપીલ પર ધ્યાન આપવાની વિનંતી કરી, જે જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવોનો સામનો કરશે. તેમણે કહ્યું કે સ્કોટલેન્ડના ગ્લાસ્ગોમાં રવિવારથી આરંભ થયેલ સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ સંમેલન ખરેખર પૃથ્વીને બચાવવાની છેલ્લી તક છે. ચાર્લ્સે રોમમાં બેઠક કરી રહેલા જી૨૦ નેતાઓને કહ્યુ કે, તેમની પાસે ભવિષ્યની પેઢીઓની જવાબદારી છે.

પર્યાવરણ સંરક્ષણના સમર્થક ચાર્લ્સે કહ્યુ- સરકારોએ નેતૃત્વકારી ભૂમિકા નિભાવવી જોઈએ પરંતુ અમે જે સમાધાન ઈચ્છીએ છીએ તેની ચાવી ખાનગી ક્ષેત્રની પાસે છે. ચાર્લ્સ ગ્લાસગો સીઓપી-૨૦ સંમેલનમાં સોમવારે જી૨૦ નેતાઓનું સ્વાગત કરવાના છે. તેમાં તેમના માતા મહારાણી એલિઝાબેથ દ્વિતીય હાજરી આપવાના હતા, પરંતુ ડોક્ટરોએ



તેમને આરામ કરવાની સલાહ આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે જી૨૦ શિખર સંમેલનથી અલગ વિશ્વના અન્ય નેતાઓ સાથે અહીં પ્રસિદ્ધ ટ્રેવી ફાઉન્ટેનનો પ્રવાસ કર્યો. આ ફુવારો ઈટાલીમાં સૌથી વધુ જોવાતા સ્મારકોમાંથી એક છે અને પર્યટકો દ્વારા ખુબ પસંદ કરવામાં આવે છે. ઐતિહાસિક ફુવારાએ તે ઘણા ફિલ્મકારોને આકર્ષિત કર્યા છે, જેણે બારોક કલા-શૈલી વાળા આ સ્મારકને રૂમાની સ્થળના પ્રતિકના રૂપમાં લોકપ્રિય બનાવ્યું છે.

૨૨૦ ઈટાલીએ ટ્વિટ કર્યું, "૨૨૦ પ્રતિનિધિમંડળના વડાઓએ ૨૨૦ રોમ સમિટના બીજા દિવસની શરૂઆત ટ્રેવી ફાઉન્ટેનની મુલાકાત સાથે કરી, જે શહેરના એક આઈકોનિક સીમાચિહ્ન છે, જે વિશ્વના સૌથી સુંદર ફુવારાઓમાંના એક છે." લગભગ ૨૬.૩ મીટર ઊંચો અને ૪૯.૧૫ મીટર પહોળો, તે શહેરનો સૌથી મોટો બેરોક ફુવારો છે અને વિશ્વના સૌથી પ્રખ્યાત ફુવારાઓમાંનો એક છે. પ્રધાનમંત્રી મોદી ઈટાલીના પ્રધાનમંત્રી મારિયો દ્રેગીના નિયમંત્રણ પર ૩૦થી ૩૧ ઓક્ટોબર સુધી રોમમાં જી૨૦ શિખર સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે. ઈટલી પાછલા વર્ષે ડિસેમ્બરથી જી૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે.

## દેશમાં કોરોનાના ૧૨૮૩૦ નવા કેસ

નવી દિલ્હી, તા.૩૧

દેશમાં જીવલેણ કોરોના વાયરસના ઘટ્યા છે. રવિવારે સવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૧૨૮૩૦ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે અને ૪૪૬ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૪૭ દિવસના નીચલા સ્તર ૧,૫૯,૨૭૨ પર પહોંચી છે. દેશમાં ૨૪ કલાકમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૭૪૨૭ નવા કેસ અને ૬૨ લોકોના મોત થયા છે. આમ કેરળમાં દેશના ૫૦ ટકા કેસ નોંધાયા છે.

# નૌશેરા સેક્ટરમાં LOC પાસે બ્લાસ્ટ

## લેફ્ટનન્ટ સહિત ૨ જવાન શહીદ : LOC પાસે આવેલી ચોકીની પાસે સુરક્ષાબળની એક ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે બ્લાસ્ટ

જમ્મુ,તા.૩૧

જમ્મુ-કાશ્મીરમાં ઘૂસણખોરી કરવા પાડોશી દેશ પાકિસ્તાનના આતંકીઓ કોઈ તક છોડતા નથી. દેશની સરહદમાં ઘૂસણખોરી કરવા માટે આતંકીઓ રોજે રોજ નવા પેંતરા કરતા હોય છે. જેના પગલે સેનાના જવાનો પણ સતર્ક રહેતા હોય છે. ત્યારે ફરી એક વાર ન્ૈષ્ઠ પાસે બ્લાસ્ટ થતા સેનાના એક અધિકારી સહિત ૨ જવાન શહીદ થયા છે. સેનાની ટુકડી ન્ૈષ્ઠ પાસે આવેલી એક ચોકી પાસે પેટ્રોલિંગ કરી રહી હતી. એ સમયે બ્લાસ્ટ થયો હતો. જેમાં આ જવાનો શહીદ થયા હતા. અધિકારીઓનું કહેવું છે કે, નૌશેરા સેક્ટરમાં બ્લાસ્ટ ત્યારે થયો કે જ્યારે સેનાની ટુકડી સીમા પારથી આતંકવાદીઓની ઘૂસણખોરી રોકવા માટે વિવિધ ઉપાય કરી રહી હતી. એ સમયે ઘટના સ્થળે તેઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. સેનાના અધિકારીઓનું કહેવું છે કે, આ બ્લાસ્ટમાં સેનાના એક લેફ્ટનન્ટ સહિત ૨ જવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જે બાદ તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓ શહીદ થયા હતા. સેનાના અધિકારીઓનું કહેવું છે કે, આ બ્લાસ્ટ ત્યારે થયો કે જ્યારે સેનાની ટુકડી અહીં પેટ્રોલિંગ કરી રહી હતી. પાકિસ્તાનમાં દેશની સીમામાં ઘૂસણખોરી રહેલાં આતંકીઓને રોકવા માટે અહીં લેન્ડમાઈન ગોઠવવામાં આવ્યા હતા. જેથી આતંકીઓને દેશની સીમામાં આવતા રોકી શકાય. અહીં સેનાની એક ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી અને નિરીક્ષણ કરી રહી હતી. બરાબર એ જ સમયે આ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ કેવા પ્રકારનો હતો એ અંગે હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. જો કે, પ્રાપ્ત રિપોર્ટ મુજબ, પેટ્રોલિંગ કરી રહેલી સેનાની ટુકડીને નિશાન બનાવવા માટે આતંકીઓએ અહીં આઈઈડી લગાવ્યા હોય એવી આશંકા છે.

સેનાના પ્રવક્તાએ આ બ્લાસ્ટની પુષ્ટિ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મહત્વનું છે કે, ગઈ ૧૧ ઓક્ટોબરના રોજ પૂંછ સેક્ટરમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં સેનાના પાંચ જવાનો શહીદ થયા હતા. એ દરમિયાન સેનાના જવાનોએ આતંકીઓને ઘેર્યા હતા અને અથડામણ થઈ હતી. ત્યારથી સેનાના જવાનો પણ વધુ અલર્ટ બન્યા હતા અને ઠેર ઠેર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતુ. જે બાદ આતંકીઓ પણ ઉશ્કેરાયા હતા.

## મુનમુન ધામેચા પણ જેલમુક્ત થયા

મુંબઈ,તા.૩૧

૩ ઓક્ટોબરે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ ક્રૂઝ ડ્રગ્સ કેસમાં આર્યન ખાનની સાથે તેના મિત્ર અરબાઝ મર્ચન્ટ અને મોડલ મુનમુન ધામેચાની પણ ધરપકડ કરી હતી. ૨૮ ઓક્ટોબરે આર્યન ખાનની સાથે અરબાઝ મર્ચન્ટ અને મુનમુન ધામેચાના પણ જામીન મંજૂર થયા હતા. શનિવારે (૩૦ ઓક્ટોબર) આર્યન ખાન જેલ મુક્ત થઈને ઘરે પહોંચ્યો હતો. જ્યારે તેનો મિત્ર અરબાઝ અને મુનમુન ધામેચાને વધુ એક રાત જેલમાં કાઢવી પડી હતી.

## ભાજપ નેતા મોહિતે મલિક સામે ૧૦૦ કરોડનો દાવો માંડ્યો

નવી દિલ્હી , તા.૩૧

હવે ભાજપના નેતાએ મલિક વિરૂદ્ધ લીગલ એક્શનની તૈયારી કરી લીધી છે. મુંબઈ પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી દેવાઈ છે અને હાઈકોર્ટમાં જઈ નવાબ મલિક સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિ કેસ પણ ઠોકી દેવામાં આવ્યો છે. બોમ્બે હાઈ કોર્ટમાં દાખલ કરાવેલી અરજીમાં મોહિતે પોતે જણાવ્યું હતું કે, તેઓ ભાજપના સદસ્ય છે અને તેમનો એક કારોબાર પણ છે. પરંતુ નવાબ મલિકના તથ્યહીન આરોપોએ તેમની છબિને ધૂમિલ કરવાનું કામ કર્યુ છે. મોહિતે કોર્ટને વિનંતી કરી છે કે, ઓર્ડર જાહેર કરીને નવાબ મલિકને તેમના વિરૂદ્ધ પાયાવિહોણા નિવેદનો આપતા અટકાવવામાં આવે. હકીકતે નવાબ મલિકે કહ્યું હતું કે, દરોડાના દિવસે ક્રૂઝ પરથી ૮ નહીં પણ ૧૧ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા પરંતુ ભાજપના નેતાના ફોન બાદ ૩ લોકોને છોડી દેવામાં આવેલા. મલિકે ત્યાં સુધી દાવો કર્યો હતો કે, છોડી દેવામાં આવ્યા તે લોકોમાં મોહિતનો સાળો પણ હતો. મુંબઈ ડ્રગ્સ કેસ મામલે શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાનને ભલે જામીન મળી ગયા હોય પરંતુ મહારાષ્ટ્ર સરકારના મંત્રી નવાબ મલિકના નિવેદનોના કારણે આ કેસ ચર્ચામાં છવાયેલો છે. ભારતીય જનતા યુવા મોરચાના પૂર્વ અધ્યક્ષ મોહિત કંબોજે હવે નવાબ મલિક સામે ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિ કેસ માંડી દીધો છે.

નવાબ મલિક છેલ્લા કેટલાક દિવસોથી સતત ભાજપના નેતા મોહિત કંબોજ અને તેમના પરિવારો પર ગંભીર આરોપો લગાવી રહ્યા હતા. મુંબઈ ડ્રગ્સ કેસમાં પણ સતત તેમના પરિવારનું કનેક્શન લાવવામાં આવતુ હતુ. આ કારણે ૯ ઓક્ટોબરના રોજ મોહિતે મલિકના નામે એક નોટિસ મોકલી હતી. તે નોટિસમાં ભાર આપીને કહેવામાં આવ્યું હતું કે, કોઈ પણ જાતના પુરાવા વગર માનહાનિકારક નિવેદનો આપવા ખોટું છે.


## શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ, ડભોડા

● રજી. એ/૫૫૨/તા. ૧૮/૪/૨૦૧૧ ●
મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર - ૩૮૨૩૫૫.
ફોન : (૦૭૯) ૨૩૯૫૫૫૦૧

**તારીખ ૨/૧૧/૨૦૨૧ ધનતેરસ તથા તા. 3/૧૧/૨૦૨૧ કાળીચૌદસ**

- **મંદિર દર્શનનો સમય** : તા. ૨/૧૧/૨૦૨૧ ધનતેરસ મંગળવારના રોજ સાંજના ૭.૦૦ વાગ્યાથી તા. 3/૧૧/૨૦૨૧ કાળીચૌદસને બુધવારના રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધીનો છે.
- **મહાઆરતી** તા. ૨/૧૧/૨૦૨૧ મંગળવારનો ધનતેરસની રાત્રે ૧૨.૦૦ કલાકે થશે.
- **મહાઆરતી**નું જીવંત પ્રસારણ સંદેશ ન્યુઝ ચેનલ તથા ફેસબુક પેજ **sabhodiya hanuman** પર કરવામાં આવશે.
- બેસતા વર્ષને તા. ૫/૧૧/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે દાદાનો **અન્નકુટ**નો ભરવામાં આવશે.
- બેસતા વર્ષના રોજ તા. ૫/૧૧/૨૦૨૧ને શુક્રવારના દિવસ બપોરે ૧૨.૦૦ કલાકે **દાદાની મહા-આરતી** કરવામાં આવશે.

**નોંધ** : દરેક દર્શનાર્થીઓએ મંદિર દર્શન દરમિયાન સરકારશ્રીની Covid-19ની ગાઈડ લાઈન મુજબ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે તેમજ સામાજીક અંતર જાળવવાનું રહેશે.


# સરદાર પટેલ બધા ભારતીયોના દિલમાં વસે છે : વડાપ્રધાન મોદી

## મોદીએ રાષ્ટ્રીય એકતા દિવસ પર દરેક દેશવાસીને શુભેચ્છાઓ આપી : સરદાર પટેલ હંમેશા ઇચ્છતા હતા કે, ભારત સશક્ત હોય, સમાવેશી હોય, સંવેદનશીલ હોય, તો સતર્ક, વિનમ્ર અને વિકસિત પણ હોય : વડાપ્રધાન મોદી

કેવડિયા,તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આયોજિત એકતા પરેડને વિડીયો સંદેશ મારફતે સંબોધિત કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, વલ્લભભાઈ પટેલને આજે દેશ પોતાની શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. સરદાર પટેલ ફક્ત ઈતિહાસમાં નથી રહેતા, પણ બધા ભારતીયોના દિલમાં રહે છે. પીએમ મોદીએ કહ્યું, રાષ્ટ્રીય એકતા દિવસ પર દરેક દેશવાસીને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. એક ભારત-શ્રેષ્ઠ ભારત માટે જીવનની દરેક ક્ષણ જેણે સમર્પિત કરી, એવા રાષ્ટ્ર નાયક સરદાર વલ્લભભાઈ પટેલને આજે દેશ શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. પીએમએ કહ્યું, સરદાર પટેલ હંમેશા ઈચ્છતા હતા કે, ભારત સશકત હોય, સમાવેશી હોય, સંવેદનશીલ હોય. તો સતર્ક, વિનમ્ર અને વિકસિત પણ હોય. તેમણે હંમેશા દેશહિતને સર્વોપરી રાખ્યો. આજે તેમની પ્રેરણાથી ભારત, બાહ્ય અને આંતરિક, દરેક પ્રકારના પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ બની રહ્યો છે. નરેન્દ્ર મોદીએ કહ્યું, આઝાદ ભારતના નિર્માણમાં દરેકનો પ્રયત્ન જેટલો ત્યારે પ્રાસંગિક હતો, એનાથી પણ વધારે આઝાદીના આ અમૃતકાળમાં થવાનો છે. આઝાદીનો આ અમૃતકાળ, વિકાસની અભૂતપૂર્વ ગતિનો છે, કપરા લક્ષ્યોને હાંસલ કરવાનો છે. આ અમૃતકાળ સરદાર સાહેબના સપનાના ભારતના નવનિર્માણનો છે. મોદીએ કહ્યું, આઝાદીનો આ અમૃત કાળ વિકાસની ગતિનો અને લક્ષ્યોને હાંસલ કરવાનો છે. આ કાળ સરદાર સાહેબના ભારતના નવનિર્માણનો છે. સરદાર સાહેબ આપણા દેશને એક શરીર રૂપે, એક જીવંત એકમ તરીકે જોતાં હતા. તેમના માટે એક ભારતનો અર્થ એ પણ હતો કે દરેક વ્યક્તિ માટે એક સમાન અવસર હોય, એક સમાન સપનાં જોવાનો અધિકાર હોય. તેમણે કહ્યું, આજથી કેટલાય દાયકાઓ પહેલા એ સમયે પણ તેમના આંદોલનની તાકાત એ હતી કે તેમાં મહિલા-પુરુષ, દરેક વર્ગ, દરેક સંપ્રદાયની ઊર્જા હતી. એટલે આજે જ્યારે આપણે એક ભારતની વાત કરીએ છીએ તો એ એક એવું ભારત હોવું જોઈએ જેમાં મહિલાઓ પાસે એકથી અનેક તકો હોય, એક એવું ભારત જ્યાં દલિત, વંચિત, આદિવાસી, વનવાસી દેશનો દરેક નાગરિક પોતાને એકસમાન માને. એક એવું ભારત જ્યાં વીજળી, પાણી જેવી સુવિધાઓમાં કોઈ ભેદભાવ ન હોય અને આજે દેશમાં આમ જ થઈ રહ્યું છે.



## આજથી બેંકોમાં વધુ વખત લેવડ-દેવડ પર ચાર્જ ચુકવવો પડશે

### પહેલી નવેમ્બરથી નવા નિયમો લાગુ કરવામાં આવ્યા

નવી દિલ્હી , તા.૩૧

નવા મહિનાનો પ્રારંભ થવાની સાથે ભારતીય રેલવે દેશભરમાં ટ્રેનોના ટાઈમટેબલમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે. વાસ્તવમાં આ ફેરફાર પહેલી ઓક્ટોબરથી અમલી બનવાના હતા, પરંતુ કોઈ કારણના લીધે આ તારીખ લંબાવાઈ પહેલી નવેમ્બર કરી દેવાઈ. આગામી મહિનાના પ્રારંભથી ટ્રેનોમાં નવું ટાઈમટેબલ લાગુ કરવામાં આવશે. આ ફેરફારમાં ૧૩ હજાર પેસેન્જર ટ્રેન અને સાત હજાર માલગાડીનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત દેશમાં ચાલતી ૩૦ રાજધાની ટ્રેનોનો સમય પણ બદલાશે.એકબાજુએ મોંઘવારી આકાશને આંબી રહી છે ત્યારે બીજી બાજુએ પહેલી તારીખથી બેક્િંગ સેક્ટર સહિત કેટલાક ક્ષેત્રોના નિયમોમાં ફેરફાર થઈ રહ્યો છે. પહેલી નવેમ્બરથી બદલાનારા નિયમોમાં બેક્રોમાં પૈસા જમા કરાવવાથી ઉપાડવા પર ચાર્જ, રેલવે ટાઈમ ટેબલમાં ફેરફાર અને ગેસ સિલિન્ડરની બુકિંગની પદ્ધતિમાં ફેરફાર જેવી ચીજો સામેલ છે. પહેલી નવેમ્બરથી અમલી બનેલા નવા નિયમોમાં હવે બેક્રોમાં પોતાના રૂપિયા જમા કરાવવા બદલ અને ઉપાડવા બદલ ચાર્જ ભરવો પડશે. બીઓબી મુજબ આગામી મહિનાથી નિયત મર્યાદા કરતાં વધારે બેક્િંગ કરવા પર લોકો પર અલગથી વેરો લાગશે. નવા નિયમ મુજબ બચતખાતામાં ત્રણ વખત નાણા જમા કરાવવા મફત હશે, પરંતુ જો ખાતાધારક એક મહિનાની અંદર ત્રણ વખત કરતાં વધારે વખત નાણા ડિપોઝિટ કરે છે તેણે દર વખતે ૪૦ રૂપિયા ભરવા પડશે. જો કે તેમા જનધન ખાતાધારકોને રાહત મળી છે. તેમા નાણા ત્રણથી વધારે વખત જમા કરવા પર કોઈ વેરો આપવો નહી પડે. જો કે નાણા ઉપાડવા પર સો રુપિયા આપવા પડશે. આ ઉપરાંત પહેલી નવેમ્બરથી ગેસ સિલિન્ડર ઘર સુધી પહોંચાડવાની પ્રક્રિયા પૂરેપૂરી બદલાઈ જશે. નવા નિયમ મુજબ ગેસ બુકિંગ પછી ગ્રાહકોના રજિસ્ટર નંબર પર ઓટીપી આવશે. ઓટીપી વગર

● અનુસંધાન પાન-૭ પર






## ઉત્તરાખંડમાં બસ ખીણમાં ખાબકતા ૧૧ના મોત

દેહરાદૂન,તા.૩૧

ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં આજે સવારે એક મોટો માર્ગ અકસ્માત થયો છે. દેહરાદૂન નજીક વિકાસનગરમાં બસ ખીણમાં ખાબકી છે. આ અકસ્માતમાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે. તેમજ ૪ લોકો ઘાયલ થયા છે. જેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે, મૃતકોની સંખ્યા વધી શકે છે. સ્થાનિક લોકો તેમના સ્તરેથી રાહત અને બચાવ કાર્યમાં લાગેલા છે. મળતી માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનેલા યુટિલિટી વ્હીકલમાં ૨૫ લોકો સવાર હતા. પ્રશાસન, પોલીસ અને એસડીઆરએફની ટીમ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે.